સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

હસાવી જગે ભાંકે છૂરી, એ ભીંસમાં લે છે!
ફસાવી ચારેબાજુથી ચીના, ભીંસમાં લે છે!
ભીંસમાં લે છે હવે ભૂતાન જેવું જંતુડું -
ઠસાવી ભય, આ ચાણક્યોને, ભીંસમાં લે છે...

હાઈકુ

દગો ઈ દગો!
નથી કોઈનો સગો...
વાવો ઈ લણો...

ખાય છે માર -
નિષ્ફળ રાજનીતિ -
ઠરે છે મૂર્ખ !!

ચિંતન

દાનોપભોગરહિતા દિવસ યસ્ય યાન્તિ વૈ ।
સ લોહભસ્ત્રૈવ શ્વસન્નપિ ન જીવતિ ॥

ઉપરોક્ત શ્લોક મૂંડકોપનિષદમાંથી આવેલ છે.

દાન કરવામાં, અને ભોગ ભોગવવામાં જેમના દિવસો પસાર થતા નથી તે માત્ર લુહારની ધમણ માફક શ્વાસ લે છે અને ઉચ્છવાસ કાઢે છે, પણ તે જીવતો ગણાતો નથી અર્થાત્ તેનું જીવન જ વ્યર્થ છે.

જ્યારે દાન-ધર્મ કે સાત્ત્વિક સગવડ માનવી ભોગવી ન શકે, ખૂબ પૈસો છતાં ઘરમાં સુખ-શાંતિ ન મળે ત્યારે સમજવું કે પૈસો સાત્ત્વિક નથી. આવું અશાંત અને ચિંતાસભર જીવન એ જીવન નથી. દાન-ધર્મ કર્યા વિનાનું જીવન જીવનાર માનવી, માનવી સ્વરુપે મૃતદેહ જ ઘૂમી રહ્ય છે. લુહારની ધમણમાં શ્વાસ લેવા અને છોડવાની પ્રક્રિયા માણસનાં ફેફસાની જેમ જ જાય છે છતાં ધમણ જેમ જીવંત નથી તેમ તે વ્યક્તિ પોતાના પૈસાથી દાન-ધર્મ-પુણ્ય કર્યા વિના યાંત્રિક અને ચિંતા સભર જીવન જીવે છે, તે પણ માત્ર શ્વાસ જ લે છે. જિંદગી જીવ્યા કહેવાતું નથી.

સુવિચાર

- ખુશિયાં આયે જિંદગી મેં તો ચખ લેના મિઠાઈ સમજકર,
  જબ ગમ આયેં તો વો ભી કભી ખા લેના દવાઈ સમજકર - **પ્રતાપ સાહબ**
- ફરિયાદ આપણે શું કરીએ ઈશ્વરના દરબારમાં...
  ઈશ્વરને પણ ફરિયાદ છે આપણા વ્યવહારમાં - **ચિત્રલેખા**
- ભયને નષ્ટ કરવાનું એટલું જ સરળ છે જેટલું એને નિર્માણ કરવાનું !! - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચા સંબંધોનો સાર કેટલો...?? વગર બોલે 'વેદના' વંચાય એટલો ...!! - **રમેશ પટેલ**
- કર્તવ્ય નિભાવવાની તાકાત હોય તો જ અધિકારની માંગણી કરવી - **મધુકર**
- મનુષ્યને માથે દોષારોપણ કરવાની નહીં, પ્રેમારોપણથી જ તેનું હૃદય જીતી શકાય - **સંત રોબિન**
- આજનું ઔષધ : પચાસ ગ્રામ કાચુ પપૈયું ૫૦૦ ગ્રામ પાણીમાં ઉકાળી એ પાણી પીવાથી ઝાડા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઉત્તર ગુજરાતના એક નાના નગરમાં એક મનસુખ નામનો ઘડિયાળી રહેતો હતો. મનસુખ ઘડિયાળ રિપેરિંગનું કામ કરતો પણ એ આ કામ કોઈને શિખવવા માટે તૈયાર ન હતો. એક નવયુવાનને ઘડિયાળની યાંત્રિક રચનામાં રસ હતો તેણે મનસુખ પાસે જઈને કહ્યું, 'આપ મને ઘડિયાળ રિપેરિંગનું કામ ન શિખવો ?' મનસુખે જવાબ આપ્યો, 'ભાઈ, આ કામ અમે કોઈને શિખવતા નથી. અમારા હરીફ પૈદા થાય તો અમારી રોજીરોટી છીનવાઈ જાય. આ બગડેલા ઘડિયાળો તો અમારી આવકના સાધનો છે. બહુ શિખવવાનો શોખ હોય તો અમદાવાદ જાવ.' મનસુખ ઘડિયાળીનો જવાબ સાંભળીને યુવાન જરાય નિરાશ થયો નહીં. એણે ઘરે જઈ પોતાના ઘરનું દિવાલ ઘડિયાળ ઉતાર્યું પાછળનું બોર્ડ ખોલી અભ્યાસ કર્યો. ટકોરા વાળી ઘડિયાળનું યંત્ર સ્લેટ-પેનની મદદથી દોર્યું. બીજે દિવસે આ સ્લેટમાં દોરેલી આકૃતિ તેએ મનસુખને બતાવી. મનસુખ પણ યુવાનની શીખવવાની ધગશ અને જ્ઞાનની તરસ જોઈ ખૂશ થયો. તેણે યુવાનને તાલીમ આપવા રોજ બે કલાક ફાળવવા નક્કી કર્યા. એ નવયુવાન હતા નારાયણ હેમચંદ્ર. એમણે ગુજરાતી સાહિત્યની ઉમદા સેવા કરી હતી.

સેનાનું મનોબળ વધારવાનો પ્રયાસ અભિનંદનીય

તંત્રીસ્થાનેથી...

લેહ લદ્દાખ વિસ્તારની ફોરવર્ડ પોસ્ટ પર પહોંચી જઈ સૈનિકોનું મનોબળ વધારવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસથી પાડોશી દુષ્ટ રાષ્ટ્ર ચીનને ચિંતા થાય તે સ્વાવાભિક છે. 'પહેલો ઘા રાણાનો' - એ આક્રમક નીતિમાં શ્રદ્ધા ધરાવતા ભારતના વડાપ્રધાનની આ સરપ્રાઈઝ વિઝિટથી સરહદ પર ચાલતી સેનાઓ વચ્ચેની શાંતિવાર્તાને અસર ન જ થાય, પરંતુ સામા પક્ષે આવી જ સમાંતર રાજદ્વારી અટકચાળું થાય તો સ્થિતિ જરૂર વણશી શકે. વાંક ચીનનો છે, પરંત એ કબૂલવા તૈયાર નથી. એણે ગલવાન ઘાટી પર એનો હક હોવાનું ગાઈ વગાડીને કહેવાનું ચાલુ રાખ્યું છે અને એ જગ્યાએ ચીનની મેન્ડેરિન ભાષામાં પોતાનો વિસ્તાર હોવાનું લખાણ પણ ટાંકી દીધું છે. ચીને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલની એસીતૈસી કરીને ગલવાન ઘાટીને પોતાના નકશામાં દર્શાવી દીધી છે. ચૌદ નંબરની પોસ્ટ પર ચીની સૈનિકોએ તંબૂ તાણ્યો એને હટાવવા જતાં ભારતીય સૈનિકોને શહીદી વહોરવી પડી હતી. ચીનના સ્વાતંત્ર્ય દિને ચીનના સર્વોચ્ચ નેતા શી જિન પિંગે સેનાને સંબોધન કરતાં આગામી દિવસોમાં પોતાની સર્વોપરિતા સાબિત કરવાનો પડકાર ઝીલી લેવા સાબદી કરી દીધી હતી. ચીન વિસ્તારવાદી રાષ્ટ્ર છે. સ્વાયત્ત બફર સ્ટેટ ગણાતા તિબેટને હસ્તગત કરવા ઉપરાંત એણે અરુણાચલ પર અને લદ્દાખ પર નજર બગાડેલી છે. અમેરિકા જેવી મહાસત્તાને એના આ વિસ્તારવાદી વલણ સામે સખત વાંધો છે. ચીન એનાથી ડરતું ન હોત તો એણે કયારનોય ભારત પર હુમલો કરી દીધો હોત. ભારત પાસે પણ અત્યાધુનિક શસ્ત્રો છે અને જરૂર પડ્યે તે ચીનને સામે પૂર્ણ કદનું યુદ્ધ ખેલી પોતાના પચાવી પડાયેલા વિસ્તારો કબજે કરી શકે એવી સજ્જતા પણ એણે કેળવી લીધી છે, પરંતુ ચીન સાથેનો લોહિયાળ જંગ આર્થિક અને જાનમાલની ખુવારીની ગણતરી માંડતાં ભારતને મોંઘો પડી જાય એમ છે. આથી ૧૯૬૨ની સમાધાન કાર્યવાહી પછી ભારતે શાંત રહેવાનું પસંદ કર્યું છે. ચીનની સેના ભારતની સરખામણીએ વધુ શક્તિશાળી છે અને વધુ હિંસક મનોવૃત્તિ ધરાવે છે. એની આ મનોવૃત્તિનો પરચો પંદરમી જૂનની રાતે ભારતીય સેનાની ફોરવર્ડ પોસ્ટ પર તહેનાત સૈનિકોને થઈ ચૂક્યો છે. જવાનોનું મનોબળ તૂટે નહીં એ માટે દેશ આખાએ એમની શહીદી પર શોક પાળ્યો અને એમને વીરોચિત સન્માન આપ્યું. એમને વધુ કુમક પહોંચાડાઈ અને યુદ્ધક વિમાનોએ પરિસ્થિતિનો કયાક કાંઢ્યો. યુદ્ધક ટેન્કો સહિતની શસ્ત્ર સામગ્રી સરહદ પર ખડકી દઈ કોઈ પણ ક્ષણે બે-બે હાથ કરી લેવાની ભારતીય સેનાની તૈયારી હોવાનો ચીનને અહેસાસ કરાવ્યા પછી પણ ચીનની દોંગાઈમાં ફરક નથી પડ્યો. બેઉ દેશોની સેના લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલથી પાછી હટે, એવી સંધિ થયા છતાં ચીન કયારે શું કરે તેનો ભરોસો નહીં. ચીનને એના દુષ્કૃત્યની ભારે કિંમત ચૂકવવી પડી છે. ભારતે 'ડિજિટલ સ્ટ્રાઈક' કરી છે અને ચીની ઉત્પાદકોનો બહિષ્કાર કર્યો છે. સરહદ પર જીવન જોખમો પહેલો ભરતા સૈનિકોનું મનોબળ વધારવા સેનાધ્યક્ષોએ રૂબરૂ મુલાકાત લીધી એ પછી ખુદ વડાપ્રધાને અગિયાર હજાર ફૂટની ઊંચાઈએ નીમુ ખાતે સૈનિકોને સંબોધન કર્યું અને એમની છટાદાર ભાષામાં એમની વીરતાનાં વખાણ કર્યાં. ઘાયલ સૈનિકોની ખબર પૂછી એથી સ્વાભાવિક રીતે જ બહાદુર સૈનિકોને દેશ આખો પોતાની પડખે હોવાનો અહેસાસ થયો હશે. રાજકીય સંદર્ભે પણ વડાપ્રધાનનું આ પગલું વિપક્ષી ટીકાકારોની બોલતી બંધ કરી દે એ બરનું છે. રાહુલ ગાંધી હજી પણ એ જ જૂની કેસેટ વગાડ્યે રાખે છે. વડાપ્રધાને નિવેદન કરેલું કે કોઈ આપણી સરહદમાં પ્રવેશ્યું નથી અને કોઈએ આપણી ધરતી પર કબજો કરેલ નથી. અલબત્ત, આ વિધાન સત્યથી વેગળું હોવા છતાં, વર્તમાન સ્થિતિ અને સંજોગો જોતાં સરહદના પ્રહરીઓનો જુસ્સો ટકાવવા આવું કહેવું પડ્યું હોય તો એનો રાજકીય પક્ષોએ નેગેટીવ અર્થ ન કાઢવો જોઈએ. દેશ આખો સૈનિકોની શહાદતને સલામ કરે છે અને આક્રમણ કરનાર પાડોશી દેશને સબક શીખવવા આપણી સેના સક્ષમ છે, એવા પોઝીટીવ વાઈબ્રેશન વહેતાં મુકાવાં જોઈએ. વડાપ્રધાનનો લેહ-લદ્દાક પ્રવાસ એ સંદર્ભે જરૂરી હતો.

ઘણાં પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જાય!

આરપાર
રાઘવજી માધડ

દરવાજા પાસે વાહન જોઈ દીકરો બૂમ પાડતાં બોલ્યો:'મમ્મી, કચરાવાળો આવ્યો! 'મમ્મીએ રૂમ માંથી બહાર આવી ને કચરાની દફનવિધિ પૂરી કરી.પછી મમ્મીએ દીકરા પાસે બેસી,તેનાં માથે ફેરવી હળ વેકથી ટકોર કરતાં કહ્યું : 'બેટા ! કચરાવાળા તો આપણે છીએ. એ લોકો તો આપણી ગંદકી સાફ કરે છે !' આ મૂલ્યશિક્ષણનું સૌથી મોટું ઉદાહરણ છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે તે આનું નામ

દરેક ઘરનો રોજિંદો કકળાટ : કામવાળીનાં કામમાં ભલીવાર નથી. પેપરવાળો સમયસર આવતો નથી.દૂધવાળાનુંતો કહેવું જ શું,મરજી મુજબ ચાલ્યો આવે ને પાછો નફફટાઈથી કહે:'ભેંસ મોડી ઉઠી હતી..!'

આપણી સેવા,સુવિધા, સગવડ પૂરી પાડનારાં પ્રત્યેનો આક્રોશ ઓછો હોતો નથી. તેને થેંક્યું કહેવાના બદલે મન ફાવે તેમ લોંદાવી, ઘઘલાવી કે ઉતારી પાડીએ છીએ. ક્યારેક કોઈ માથાફરેલ સામે સંભળાવી દે: 'આ ટીકટોક બંધ થઇ પણ તમારી ટકટક બંધ ન થઇ..!'પછી જો તે ખુમારી દાખવી કામ કરવાની ના પાડે દેતો આપણો આક્રોશ છૂમંતર થઇ જાય ! આપણો બોલતાં બંધ કરવાનો ઈરાદો,તેને જ બોલતાં કરી દે છે.

પણ આવાં કોઈ સેવક સાથેની વાતચીત વેળાએ આપણી ભાષા,તોછડાઈ ને છીછરાઈ જોવાં કે તપાસવાં જેવી હોય છે.આ સમયે આપણી સમજ, શિક્ષણ, સભ્યતા, સંસ્કૃતિ... આ બધી જણસ ક્યાં ચાલી જાય છે ? જે વાણી, વર્તન, વ્યવહાર ખુદને ન ગમતાં હોય તેવાં, આપણી અનન્ય સેવા કરનાર સાથે આચરવાનો કોઈ અધિકાર નથી. કોઈની સેવાનાં બદલામાં આપીએ છીએ : સવારે ઝાડું ને સાંજે વધેલું વાળું !

જે ટાઢ,તડકો,વરસાદ વેઠી કે ટાણું-કટાણું જોયા વગર રાત-દિવસ કામમાં આવે છે. અને હવે તો મહામારી વચ્ચે જાતને જોખમમાં મૂકી, સેવા કરે છે તેને કઈ દ્રષ્ટીથી જોઈએ,મૂલવીએ છીએ !? આ સેવકની જગ્યાએ જો ઘડીભર આપણી જાતને મૂકી દઈએતો કદાચ ખરો ખ્યાલ આવે. જુઓ..આપણી એક અંગસફાઇ ની સ્વનિર્ભરતા આપી કુદરતે કેટલી કમાલ કરી છે..! ખુદનું જ સાફ થવું કે કરવું સાવ સરળ નથી હોતું.

અને આ સઘળી સેવા સંદર્ભે બદલતા સમયની તાસીર ને તસવીર સમજવી ને સ્વીકારવી પડશે. મોં માગ્યું મૂલ્ય ચૂકવ્યા પછી પણ અપેક્ષા મુજબ,સારુંને ધાર્યું કામ થાય તેની વોરંટી મળશે ગેરંટી નહીં !

આ મહામારીએ આપણી આંખ ઉઘાડી દીધી છે.જે કામનો કકળાટ કરવાની કળા કાયમી થઇ ગઈ હતી તે સેવાઓ સ્થગિત થઇ.આપોઆપ સ્વ કે આત્મનિર્ભર થઈ જવાયું. ઘરકામ વહેંચાઈ ગયું.એક બાળકે કોરાના વિશેના નિબંધમાં લખ્યું:'મારા પપ્પા વાસણ,કચરાં-પોતાં,કપડાં ધોવાંને ઈસ્ત્રી કરવાનું કામ કરે છે. મમ્મી રસોઈ કરી,મોબાઈલમાં લાગી જાય છે...'ઘરકામની પરંપરા તૂટી,છૂટી ને કદાચ વછૂટી જાયતો નવાઈ પામવા જેવું નથી. ખરેખરતો આવા પોતીકા કામ માટે miss you કરતા with you અગત્યનું હોય છે.

આપણાં આંસુ,લોહી,પરસેવો...ને સંવેદના જગતની કોઈ લેબોરેટરીમાં બની,સંભવી નહીં શકે. કુદરતની આ અણમોલ ભેટ છે.કોઈની પીડા,વેદનાની ખુદને અનુભૂતિ,અનુભવ થાય તે સંવેદના.

દરેકને સ્વમાન વ્હાલું હોય છે.આપણે ત્યાં,સેવા પૂરી પાડનારનું સન્માન જાળવીએ તે ખરેખર સમગ્ર માણસ જાતનું સન્માન છે.વ્યક્તિ અન્યની સંવેદના,સમ-વેદના સમજતી, અનુભવતી થાય તો જગત અને જીવન નાં ઘણાં પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જાય ! છેલ્લે : કોઈ મહાનુભાવનું માનવીય મૂલ્યાંકન કરવું હોય તો, તેમના હાથ નીચે કામ કરતા સાવ તળનાં માણસ સાથેનો તેમનો વ્યવહાર જુઓ, તપાસો... આપોઆપ તેમની માણસાઈનો અંદાઝ આવી જશે !

http://raghavjimadhad.blogspot.com
mo. 9427050995

ધ્યાન રાખજો, કોરોનાની કમાણી જિંદગી ના છીનવી લે

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ભારત, ગુજરાત, અમદાવાદ અને આપણા સૌના માટે આ જુલાઈ - ઓગષ્ટ બે મહિના સૌથી વધુ ખતરનાક પુરવાર થવાના છે. કેમ કે કોરોના હવે પૂર્ણ રીતે ફેલાઈ રહ્યો છે. અનલોકને કારણે એના ફેલાવાના માધ્યમો અનેકગણા થઈ ગયા છે. કોરોનાને હજી ઘર ઘરમાં લાવવાની - ફેલાવવાની તૈયારી આપણે સૌ કરી રહ્યા છીએ. મેં અગાઉ પણ લખ્યું છે કે ચાર લોકડાઉનના બે મહિના પછી આવડો મોટો દેશ બંધ ના રાખી શકાય. તેથી સરકારે તો લોકડાઉન ખોલી નાખ્યું. અને બે મહિનાના લોકડાઉનથી દેશ અને દુનિયાના તમામ લોકોને કોરોનાની ભયાનકતાનો ખ્યાલ આવી ગયો છે. આમ છતાંય લોકડાઉન ખૂલતા જ લોકો જાણે જેલમાંથી છૂટ્યા હોય એમ ફરી રહ્યા છે. ધીમે ધીમે બધુ જ નૉર્મલ થઈ રહ્યું છે. બજારોની ભીડ વધી રહી છે. પણ કોરોનાનો સાચો ખેલ હવે શરું થઈ રહ્યો છે, આજે વિશ્વભરમાં રોજના એક લાખથી વધુ નવા કેસ સામે આવી રહ્યા છે. આવતી કાલે ભારતમાં રોજના એક લાખ કેસ સામે આવશે ત્યારે શું સ્થિતિ હશે ? એની કલ્પના કરી જોજો.

અત્યારની સ્થિતિ જોતા લાગે છે કે કોરોના એક પણ વ્યક્તિને છોડવાનો નથી. કેમ કે ધારો કે તમે ખૂબ જ સાવધાની રાખીને બહાર નીકળો છો. નોકરી ધંધે જાવ છો. માસ્ક પહેરો છો. સામાજિક ડિસ્ટન્સ રાખો છો. અને રોજનું કામ કરો છો. ઘેર આવો છો ત્યારે જૂત્તા બહાર ઉતારી સીધા જ બાથરૂમમાં જઈને સ્નાન કરો છો, પહેરેલા કપડાં ધોવામાં નાખો છો. સવારે સાંજે ગરમ પાણીમાં લીમ્બુ, હળદર, સૂંઠ, મરી, આદુ, નાખીને ઉકાળો પીવો છો. એટલે તમે બહાર ક્યાંય સંક્રમિત થશો તો પણ કદાચ બચી જશો, પણ જો તમારા ઘરમાં બીજા સભ્યો છે, વળી એમાય ખાસ માતા પિતા કે કોઈ વૃદ્ધ કે અન્ય શારીરિક બીમારીવાળું કોઈ છે અને તમારાથી સહેજ નાની અમથી ભૂલ થઈ ગઈ તો ? કેમ કે બહારથી આપણા ઘરમાં કોરોના આવવાના હવે તમામ દરવાજાઓ ખૂલી ગયા છે. તમે ગમે તેટલીવાર સાબુથી હાથ ધોવો, પણ એવું જરૂરી નથી કે કોરોના માત્ર હાથ દ્વારા જ સંક્રમિત કરે છે એ હવાથી પણ સંક્રમિત કરે છે. અથવા ઘરની અસંખ્ય વસ્તુઓમાં રહીને ગમે ત્યારે આપણામાં પ્રવેશી શકે છે.

જો નોકરીએ જાવ છો, બિઝનેશ માટે ઓફિસે જાવ છો. પહેલાની જેમ કામ શરું કરી દીધુ છે તો યાદ રાખજો તમારા સંક્રમિત થવાના ચાન્સ પૂરેપૂરા છે. કેમ કે તમારા શહેરમાં આજે કદાચ પચાસ સો કેસ જ છે પણ તેઓ બીજા પાંચ સો હજારને ચેપ લગાવીને જ આવ્યા છે અને એ પાંચ સો હજારના લક્ષણો બહાર દેખાય એ પહેલા તેઓ બીજા દસ વીસ હજારને ચેપ લગાવીને બહાર આવશે, અને આ દસ વીસ હજાર પછી લાખ બે લાખને...અને આમાં આજે નહીં તો કાલે તમે પણ હશો જ...

મિત્રો, જે કોરોનાથી વિશ્વ આખું ડરી રહ્યું છે. ખૂદ ડબલ્યૂ.એચ.ઓ. આને વિશ્વ માટે ખતરનાક માને છે. તેમ છતાંય આપણે પહેલાની જેમ કામે લાગી ગયા છીએ. જે અતિ ગંભીર પરિણામ લાવશે. કોરોના જેવું કશું છે જ નહીં, આવા મેસેજો પણ સોશિયલ મીડિયા ઉપર ફરતા થયા છે. પણ જ્યારે ઘરમાં કોરોના આવશે ત્યારે ખબર પડશે કે કોરોના શું છે ? આજે ભારતમાં રોજના વીસ હજાર નવા કેસ સામે આવી રહ્યા છે... જે ધીમે ધીમે એક લાખ બે લાખે પહોંચશે... જે શહેરમાં આજે રોજના દસ વીસ કેસ સામે આવે છે ત્યા દિવસે દિવસે આંકડો વધતો જ જવાનો છે.

આ વર્ષ ખૂબ જ સાચવવાનું છે. અગાઉના વર્ષોમાં જેટલું કમાયા છો, જે કાંઈ બચત કરી છે તેનાથી આ વર્ષ ઘરમાં બેસીને પસાર કરશો તો આખો પરિવાર બચી જશે. અથવા પરિવારમાં કોરોના આવશે જ એની તૈયારી રાખજો. મિત્રો, ધારો કે આપણે ડિસેમ્બર સુધી દુકાને કે ઓફિસે જઈ ધંધો નથી કરતા તો માર્ચથી ડિસેમ્બરના નવ મહિનાની ખોટ જઈ જઈને કેટલી જવાની ? આની સામે તમારા ઘરના કોઈપણ એક સભ્યની જિંદગી મૂકો. જે કિંમતી લાગે એને બચાવજો. અને ધારો કે તમારે સરકારી નોકરી છે. તો તો નોકરીએ ગયા વિના છૂટકો જ નથી. પણ જેઓ પ્રાઈવેટમાં ફિક્સ પગારમાં, દસ વીસ હજારમાં નોકરી કરે છે. અને જો આર્થિક સ્થિતિ નબળી ના હોય નોકરી માત્ર શોખ માટે કરતા હોય તો એવી વ્યક્તિઓએ તો હાલ નોકરી છોડી દેવી આખા પરિવાર માટે હિતાવહ છે. બાકી જો બહારથી કોરોના ઘરમાં લાવ્યા અને ઘરમાં કોઈને લાગી ગયો તો હવે બહાર હોસ્પિટલોમાં પણ જગ્યા નથી. પછી ના વિચારેલી દર્દનાક પરિસ્થિતિમાંથી પસાર થવું પડશે. એના કરતા એવી નોકરીઓ છોડી આ વર્ષ ડિસેમ્બર સુધી સાચવશો તો તમે અને તમારો પરિવાર બચી જશે. નોકરી તો બીજી પણ મળી જશે. જિંદગી બીજી નહીં મળે. અત્યારે મુંબઈ ને દિલ્હીની જે સ્થિતિ છે તેવી અમદાવાદની સ્થિતિ થોડા દિવસોમાં થવાની છે. અને જ્યારે એક લાખ લોકો અમદાવાદમાં સંક્રમિત થાય ત્યારે સમજી લેવાનું બીજા દસ વીસ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. અને તેઓ આખા અમદાવાદને સંક્રમિત કરી રહ્યા છે. જેમાં તમે આવી શકો છો. મિત્રો, જો ઘરમાં કમાવવાવાળી વ્યક્તિ તમે જ છો અને તમને કોરોના થયો અને રિકવર ના થયો તો ? તમારા વિના તમારા પરિવારનું શું થશે ? એ પણ એક વખત શાંત ચિત્તે વિચારવાની જરૂર છે. કેમ કે દેશભરના બજારો ધમધમવા લાગ્યા છે. જે લોકોને બીજો કોઈ વિકલ્પ જ નથી. ઘરમાં કે બેન્કમાં કોઈ બચત જ નથી તેવા લોકોની તો મજબૂરી છે કે કામ ધંધે જાય. પણ જેઓ એક બે વર્ષ ઘરમાં બેસી રહે તો પણ કશો જ વાંધો ના આવે એવા વેપારીઓ, દુકાનદારો, વહિવટદારોએ પણ પોતાનું કામ શરું કરી દીધું છે. પણ આ જુનથી ડિસેમ્બરના છ મહિનાની આવક જાવકનો હિસાબ જ્યારે નવા વર્ષે કરશો ત્યારે શક્ય છે કે તમે કંઈક એવું ગુમાવી ચૂક્યા હશો કે જેની ખોટ જિંદગીભર રહેશે. કેમ કે કોરોના હવે બે મહિના હજીએ એની ફૂલ સ્પીડમાં દોડવાનો છે.

આપણી ગુજરાતી પ્રજા વેપારપ્રિય છે. જાનનું જોખમ ગમે તેટલું હોય પણ વેપાર તો કરવાનો જ. ઘરમાં ક્યા સુધી બેસવું ? એવું વિચારીને સૌ કોઈ.... પણ હમણા જો ત્રીજું વિશ્વયુદ્ધ શરું થઈ ગયું તો ? આખા દેશમાં અમર્યાદિત સમયનો કરફ્યું લાગી ગયો તો ? રાત્રે સંપૂર્ણ અંધારપટ થયો તો ? તો સરકારનો પણ કશો વિરોધ નહી કરી શકો અને આવી સ્થિતિમાં છ કે બાર મહિના રહેવાનું થયું તો ? માટે આ કોરોનાને અત્યારે વિશ્વયુદ્ધની સ્થિતિ સમજીને હજી બે ચાર મહિના ઘરમાં રહી જશો તો બચી જશો. અન્યથા રામ રાખે એનેય કોરોના તો ચાખે જ છે. જુલાઈના અંત સુધીમાં હજી ઘણુ બધુ બંધ કરવું પડશે.

મિત્રો, માત્ર એટલું વિચારો કે જે ડૉક્ટરો આખો પીપીઈ સૂટ પહેરીને સૂરક્ષાના તમામ આવરણોની અંદર રહીને દર્દીઓને જૂએ છે છતાંય અસંખ્ય ડોક્ટરો કોરોનાથી સંક્રમિત થઈને મૃત્યુ પામ્યા છે. તો આપણે તો ગમે તેટલી સાવધાની રાખીએ, માત્ર એક જ ભૂલ અને ખેલ ખતમ. હજી આ આવતા બે ચાર મહિનામાં વિશ્વભરમાં અને ભારતમાં કોરોનાથી મહાવિનાશ થવાનો છે. એક સૂનામી અને એક મહા ભૂકંપ પણ આવશે. પરંતુ એ પહેલા કોરોના મોટાભાગનો ખેલ ખતમ કરી ચૂક્યો હશે. અને આ સમયમાં જેઓ બચી ગયા એમને માટે આવતું વર્ષ સુખ અને સમૃદ્ધિનું છે.

કોરોનાના આરંભકાળે રસ્તા ઉપર પડેલી રૂપિયાની નોટોથી સૌ ડરતા હતા. કેમ કે એમાં કોરોના હોય તો ? જ્યારે આજે આપણે સૌ આરામથી વિના સંકોચે બધી જ દુકાને ચીજ વસ્તુઓની ખરીદીમાં રૂપિયાની લેવડ દેવડ કોઈપણ જાતની સાવધાની રાખ્યા વિના કરીએ છીએ. શક્ય છે કે આપણે ઘણા સમયથી આપણા જ ખિસ્સામાં કોરોના લઈને ફરતા હોઈએ. કોરોનાને આપણા સુધી આવવા માટે આજે અનેક માધ્યમો છે. અને એ આવશે જ. ગમે તેટલી સાવધાની રાખશો તો ય... એને રોકવાનો એકમાત્ર ઉપાય છે હજીયે બે ત્રણ મહિના ઘરમાં રહો, બહુ જ અનિવાર્ય હોય તો જ થોડા સમય માટે ઘરની બહાર નીકળો અને કામ પુરું કરી જલદી ઘેર પાછા ફરો.

બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

ટીવીના પરદે કે વર્તમાનપત્રના પાનાઓ પર ઉજાગર થતી ગુરુઓની લંપટલીલા વખતે એના શિષ્ય હોવાનો ક્ષોભ અનુભવતા લોકોથી લઈને કોઈ ગેંગસ્ટરને પકડનાર બહાદુર પોલીસ ઓફિસર કે અચાનક ઘરે આવીને ગુરુના પગ પકડી લેનાર સફળ શિષ્યના ગુરુ હોવાના ગૌરવ જેવી બે સામસામા છેડાની ઘટનાઓમાં પણ લ.સા.અ. જો કોઈ હોય તો એ છે ગુરુ ! ગુરુ બોલે તો તમને સાચી દિશામાં લઈ જવાની કોશિશ કરનાર... જી હા, કોશિશ કરનાર એટલા માટે લખ્યું છે કે મારા ને તમારા બધાના જીવનમાં આવેલા ગુરુઓને એક પળ માટે આંખ વીંચીને યાદ કરશો તો દેખાઈ આવશે કે ગુરુ તમને રસ્તો બતાવી શકે, બહુ બહુ તો એ રસ્તા પર ચાલી શકવા માટે કઈ ક્ષમતાની જરૂર પડશે એનું જ્ઞાન આપી શકે પણ એ રસ્તે ચાલવું તો તમારે જ પડે, અને હા જો એ રસ્તે સફળતાપૂર્વક અને સરળતાપૂર્વક ચાલી શકો તો ક્યાક ને ક્યાક એટલું યાદ રાખજો કે આ સફળતા અને આ સરળ રસ્તા માટે તમારી મહેનત, નિસ્બત અને નસીબની સાથે સાથે ભાગ ભજવનારા અનેકો પરિબળો કે વ્યક્તિઓમાથી એક છે તમારા ગુરુ...!

ગુરુપૂર્ણિમા આજે છે તો ગુરુ પ્રત્યેના આદર અને આભારની આલબેલ પોકારવી જેટલી જરૂરી છે એટલું જ જરૂરી એ પણ છે કે તમે ક્યાં અને કેવા ગુરુની પસંદગી કરેલી. સી, જનરલી ગુરુ વિષે એમ કહી શકાય કે આપણાં પ્રથમ ગુરુ આપણાં શિક્ષક છે. જો કે આપણાં પહેલા ગુરુ તો આપણાં માતા-પિતા જ રહેવાના, ને એમાયે માં ખાસ. જન્મથી માંડીને ભણવા બેસો ત્યારે મળતા શિક્ષકરૂપી ગુરુ સુધીની યાત્રાની શરુઆત તો મા દ્વારા મળતા જ્ઞાન થી જ થાય છે ને...! જીવનના દરેક તબક્કે તમે કોઈ ને કોઈ પાસેથી કઈક ને કઈક શિખતા જ રહો છો એ રીતે જોવા જાવ તો એ દરકે તમારા ગુરુ જ થયા પણ ઈન્સાનના જીવનમાં મહત્વના ગુરુઓ માતા-પિતા અને શિક્ષક નું સ્થાન હમેશા અગ્રિમ જ રહેવાનુ. માતાએ આપણને જન્મ આપ્યો અને આ સુંદર જગત દેખાડ્યુ એટલું જ નહીં પણ સંભાળ સાથે ઉછરવાની શિક્ષા આપી તો પિતાએ આપણી આંગળી પકડી ને આપણને શાળાના પગથીયાં સુધી મુકી ગયા ત્યાથી લઈને જીવનમાં હરેક મોડ - હરેક ઘટના વખતે સહકાર - સલાહ અને સ્પોર્ટ આપ્યો.

"ગુરુ ગોવિંદઃ દોનું ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય" આ બહુ જાણીતા ગુરુવાક્યમાં ગુરુ અને ગોવિંદની વાત છે પણ ડગલે ને પગલે કશુક ને કશુક જેમની પાસેથી શિખતા રહીએ છીએ એ પણ ગુરુ જ તો છે, હા અગેઈન સવાલ એ આવીને ઊભો તો રહેવાનો જ કે તમે ક્યાં અને કેવા ગુરુની પસંદગી કરો છો. સી, બચપનમાં તમારી એવી સમજ પણ નથી હોતી કે એવી કોઈ ચોઈસ પણ નથી હોતી કે તમે તમારા ગુરુ પસંદ કરી શકો પણ જીવનમાં જેમ જેમ આગળ વધતાં જાવ એમ એમ ગુરુની પસંદગીની વિવિધ શક્યતાઓ મળતી જાય છે. એમ કહેવાય છે કે કોઈ ગુરુ કેવા છે એની જાણ એ ગુરુના શિષ્યો કેવા છે એના પરથી આવી જાય છે. આ વિધાન બધા ગુરુ પર સાંગોપાંગ લાગુ તો નથી પડતું પણ હકીકત એ છે કે ઘણા બધા બનાવો અને ગુરુઓના સારા-નરસા કાર્યો વખતે મનમાં અચૂક આ વિધાનનો પડઘો જરૂરથી પડતો જ હોય છે. જો કે એવું જરૂરી નથી કે નરસા શિષ્યના ગુરુ પણ એવા જ હોય કે વાઈસ-એ-વર્સા. ઘણા ગુરુ શિષ્યોને કારણે વગોવાતા હોય છે તો ઘણા શિષ્યો ગુરુને લીધે, પણ એનાથી ગુરુ-શિષ્યની પરંપરા પર કોઈ સવાલ ઉઠાવી શકે નહીં.

ગુરુપૂર્ણિમા ગુરુ પ્રત્યેના પ્રેમ, આદર અને ઋણ ચૂકવવાનો દિવસ છે અને આનંદની વાત એ છે કે ભારતીય સંસ્કૃતિમાં એનું સારું મહત્વ છે. પશ્ચિમી સંસ્કૃતિમાં ગુરુનું નહીં પણ વિજ્ઞાન અને વિજ્ઞાપનનું મહત્વ છે. તમે જેને ગુરુ ગણતાં હોવ તેના મુખેથી એક વાક્ય તો અચૂક સાંભળ્યુ જ હશે કે ' હું તમને આ શીખવાડી શકું પણ ક્યાં અને ક્યારે વાપરવું એ તમારા દિમાગ પર આધાર રાખે છે 'રશિક્